ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ફૅન્સી ડ્રેસ કૉમ્પિટિશન યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડા ખાતે વિદ્યાર્થીઓ માટે કાવ્યગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ દ્વારા આ અંગેની વિગતો આપતાં જણાવવામાં આવ્યું છે કે બાળકોમાં સાહિત્ય અને ભાષા પરત્વેનો લગાવ વધે તેમજ આપણી સંસ્કૃતિની ધરોહર એવાં કાવ્યો તેમને કંઠસ્થ થાય તથા આ રીતે ભારતીય સંસ્કૃતિનું જતન અને વહન થાય તે આશયથી આ કાવ્યગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બધા જ વર્ગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કંઠસ્થ કાવ્યોનું ગાન સુમધુર શૈલીમાં કર્યું હતું. આ સ્પર્ધામાં કર્તુમ દિપકભાઈ તેરૈયા, અંજલી ગગનસિંહ ઠાકોર અને મૌલી પરેશકુમાર પટેલને અનુક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં.

૧૯મી ડિસેમ્બરે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા 'અભિવ્યક્તિ'

ગાંધીનગર, તા. ૧૨

આગામી તા. ૧૯ ડિસેમ્બરના રોજ ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા 'અભિવ્યક્તિ' નામક સ્ટેજ કાર્યક્રમનું ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો આપતાં સંસ્થાના મંત્રી પ્રકાશ લાલાએ જણાવ્યું છે કે સૂરબદ્ધ, તાલ-લયબદ્ધ તથા સુરેખ સમાજના નિર્માણ માટે પ્રયત્નશીલ ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત વિવિધ સ્કૂલ્સની છ માસિક બૅચના સમાપન પ્રસંગે નવદીક્ષિત કલાકારો-ચિત્રકારો દ્વારા 'અભિવ્યક્તિ' નામક કાર્યક્રમ રજૂ થઈ રહ્યો છે.

ટાઉનહૉલ ખાતે રાત્રે ૮ કલાકે આયોજિત આ કાર્યક્રમમાં કલ્ચરલ સ્કૂલ ઑફ ઍક્ટીંગ, કલ્ચરલ સ્કૂલ ઑફ મ્યુઝીક, કલ્ચરલ સ્કૂલ ઑફ ડ્રૉઇંગ અને પેઈન્ટિંગ તથા કલ્ચરલ સ્કૂલ ઑફ ડાન્સના વિદ્યાર્થીઓ પોતાની કલાનું પ્રદર્શન કરશે.

બોરીજની પ્રાથમિક શાળામાં આઈ ચૅક-અપ કૅમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

લાયોનેસ તથા લીયો ક્લબ ઑફ ગાંધીનગર અને એમ બી પટેલ અંગ્રેજી માધ્યમની સ્કૂલના સંયુક્ત ઉપક્રમે બોરીજ ગામની સરકારી શાળામાં આયોજિત ઍનએસએસ શિબિર અંતર્ગત જિલ્લા અંધત્વ નિવારણ સોસાયટીના સહયોગથી આંખની તપાસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચતુરભાઈ તથા ઉર્વિશભાઈ દ્વારા ગ્રામજનોની આંખોના ચૅક-અપનું સેવાકાર્ય બજાવવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદોને આંખમાં નાંખવાની દવા અને રાહત દરે ચશ્માનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં લાયોનેસ પ્રમુખ દેવલબેન જોષી, એરિયા કો. ચેર પર્સન વૈશાલીબેન જોષી, સાઇટ ફર્સ્ટના ચેરમેન પ્રિયાબેન માનીક, લીયો પ્રમુખ કથન ત્રિવેદી, સૅક્રેટરી મીતલ રાણા, લાયોનેસ સભ્યો તથા લીયો સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સ્કૂલનાં ઍનએસએસ પ્રોગ્રામ ઑફિસર વર્ષાબેન પારેખ તથા બોરીજ પ્રાથમિક શાળાના આચાર્યએ આ સેવાકાર્ય માટે સક્રિય સહયોગ આપ્યો હતો.

ડાયરેક્ટ સે

કડવું સત્ય...
લગ્નમાં કુંવારા
અને સ્મશાનમાં ઘરડાં
એક જ આશાએ જાય છે...
અમે નહીં જઈએ
તો અમારામાં કોણ આવશે!

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩
બેફિકરે
૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સ્ક્રીન-૪
૩૦ મિનટ્સ
૧૨.૦૦, ૫.૦૦
ડિયર જિંદગી
૨.૧૫, ૯.૩૦
મિશન મમ્મી
૭.૧૫

સ્ક્રીન-૫
બેફિકરે
સવારે ૧૦.૦૦
કહાની-૨
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ડિયર જિંદગી
૬.૪૫

માતૃભાષા અભિયાન દ્વારા અમદાવાદમાં 'દાદા-દાદીનો ઓટલો' કાર્યક્રમ યોજાયો

માતૃભાષા ગુજરાતીના સંવર્ધન માટે અને તેનું વાચન થાય તે હેતુથી વિવિધ પ્રકલ્પો પૈકી માતૃભાષા અભિયાન દ્વારા દર માસના બીજા અને ચોથા રવિવારે વસ્ત્રાપુર લેક ગાર્ડન, પરિમલ ગાર્ડન અને શાંતિનિકેતન શાળા, વેજલપુર ખાતે સવારે ૧૦થી ૧૧.૩૦ સુધી 'દાદા-દાદીનો ઓટલો' નામક કાર્યક્રમનું આયોજન થાય છે.

આ ક્રમમાં તા. ૧૧ ડિસેમ્બર ને રવિવારના રોજ પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વખતે 'દાદા-દાદીના ઓટલા'માં પ્રશાંતદાદા, જ્યોત્સનાદીદી, શર્મિષ્ઠાદીદી, રિદ્ધિદાદી અને બિંદુદાદી દ્વારા બાળવાર્તા, બાળગીતો, નવી રમતો ઉપરાંત સ્વયંસેવકો વિરલ, નુપુર, કલ્પેશ, મોહિત, જૈની, ફોરમ દ્વારા બાળકોને કાગળમાં વિવિધ વસ્તુઓ બનાવતાં શીખવવામાં આવ્યું હતું. બાળકોને સમાજમાં પોતાની ફરજો અને અધિકારો અંગેની સમજ પણ આપવામાં આવી હતી. ૨૦૦ જેટલાં બાળકો, વાલીઓએ આ વિશિષ્ટ કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

રઘુવીર ચૌધરીના હસ્તે

પ્રવીણ ગઢવીના બે દલિત વાર્તાસંગ્રહોનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને જાણીતા દલિત સર્જક પ્રવીણ ગઢવીના બે દલિત વાર્તાસંગ્રહો 'આભડછેટના ઓછાયા' અને 'છદ્મરૂપ'નો વિમોચનવિધિ ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના ઉપક્રમે, સાહિત્ય પરિષદ ભવન-અમદાવાદ ખાતે જ્ઞાનપીઠ વિજેતા અગ્રીમ સર્જક રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયો હતો.

રઘુવીર ચૌધરીએ આજના સમયે પણ આભડછેટનું દૂષણ હજી દૂર થયું નથી તેનો સંતાપ વ્યક્ત કરી, બીનદલિત હોવા છતાં દલિતોના દર્દને - તેમની વ્યથાને તટસ્થતા સાથે - સાક્ષીભાવે નિરૂપતા પ્રવીણ ગઢવીને જીવનની વ્યાપક સમજણ ધરાવતા સંવેદનશીલ સર્જક તરીકે ઓળખાવીને આજે દલિત સાહિત્ય એની વ્યાપકતા સાથે અભ્યાસક્રમોમાં પણ સ્થાન મેળવી રહ્યું છે, તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

જાણીતા વાર્તાકાર અને કટારલેખક મધુ રાયે વાર્તા માસિક 'મમતા'નો દલિત વાર્તા વિશેષાંક તૈયાર કરવા પોતે અત્યંત ઉત્સુક હોઈ, એમાં સહકાર આપવા - આગેવાની લેવા ઉપસ્થિત દલિત સર્જકોને આહવાન કર્યું હતું.

જાણીતા કર્મશીલ પત્રકાર - કટારલેખક ચંદુભાઈ મહેરિયાએ 'પ્રવીણ ગઢવીની સામાજિક નિસબત' પર બોલતાં કહ્યું હતું કે 'સવાયા દલિત'ના મળેલા ગૌરવને પ્રવીણ ગઢવીએ સાચા અર્થમાં ઉજાગર કર્યું છે.

'પ્રવીણ ગઢવીની વાર્તાકલા' પર બોલતા જાણીતા દલિત સર્જક ડૉ. નીરવ પટેલે પ્રવીણ ગઢવીની દલિત નિષ્ઠા અને એમનો દલિતપ્રેમ શંકાથી પર હોવા છતાં, એમની વાર્તાઓને 'પર્સનલ રિયલાઈઝેશન' અને 'સોશિયલ રિયલાઈઝેશન'ના પરિપ્રેક્ષ્યમાં તપાસીને, આવનાર સમયમાં આ લેખક અજાણતા પણ તેમનાથી દલિતો માટેની કોઈ ખોટી માન્યતા કે ગેરસમજને ઉત્તેજન મળે એવા નિરૂપણથી દૂર રહેશે - સાવચેત રહેશે, એવી મિત્રભાવે વિનંતી કરી હતી. ડૉ. નીરવ પટેલે કોઈ કોમ કે જાતિના સીધા ઉલ્લેખ વિના વાર્તાઓ સર્જતા પ્રવીણ ગઢવીના વાર્તાના પાત્રો-પરિવેશ પોતે જ ઘણું બધું સ્પષ્ટ કરી જતા હોય છે, એ એમની વિશેષતા છે. એમ જણાવી ઉમેર્યું હતું કે, એક અર્થમાં પ્રવીણ ગઢવીની વાર્તાઓ ફોટોગ્રાફિક વાર્તાઓ છે.

મહેસાણા આર્ટસ કોલેજના ડૉ. રાજેશ મકવાણાએ પ્રવીણ ગઢવીના 'આભડછેટના ઓછાયા' જ્યારે મુંબઈ યુનિવર્સિટીના ડૉ. રતિલાલ રોહિતે 'છદ્મરૂપ'ની એકે એક વાર્તામાં નિરૂપાયેલા સામાજિક વાસ્તવ વિશે માંડીને વાત કરી હતી.

પ્રારંભે ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના મહામંત્રી શ્રી હરીશ મંગલમે સ્વાગત પ્રવચન સાથે અકાદમીની પ્રવૃત્તિઓનું વૃતાંત રજૂ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રવીણ શ્રીમાળીએ જ્યારે આભારદર્શન અરવિંદ વેગડાએ કર્યું હતું.

સૌ મહેમાનોએ પ્રારંભે ડૉ. બાબાસાહેબ આંબેડકરની તસવીરને પુષ્પો અર્પણ કર્યા હતા. આ કાર્યક્રમમાં ગીતાબેન ગઢવી, આસવભાઈ ગઢવી સહિત મોટી સંખ્યામાં દલિત સાહિત્યના ચાહકો - ભાવકો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ફૅન્સી ડ્રેસ કૉમ્પિટીશન યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ફૅન્સી ડ્રેસ કૉમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

શનિવારે આયોજિત આ સ્પર્ધામાં ધોરણ-૧થી ૫ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અવનવા ડ્રેસમાં સજ્જ થયેલા ભૂલકાઓએ શાળાનું વાતાવરણ રંગીન બનાવી દીધું હતું. પરી, નરેન્દ્ર મોદી, ઝાંસીની રાણી, બાર્બી ડોલ, વકીલ, શિક્ષક જેવી વેશભૂષા બાળકોએ ધરી હતી અને આ પાત્રોને અનુરૂપ સંવાદો પણ ઉચ્ચાર્યા હતા. વિજેતા બાળકોને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

વાત પારિવારિક પાંચ 'પંચ'ની

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

શહેરની મધ્યમાં આવેલા પોશ વિસ્તારના નાક સમા 'પ્લેઝર પ્લાઝા' બિલ્ડીંગના ટોપ બે ફ્લોર ઉપર 'ડી પી એન્ડ સન્સ'ની પ્રતિષ્ઠિત પેઢીની ઓફિસ. ડીપી શેઠનો મુખ્ય કારોબાર નાણા ધીરધારનો. ક્લાયંટ સાથે દીપચંદ શેઠ તેમની આલીશાન ચેમ્બરમાં અગત્યની ચર્ચા કરતા હતા. શેઠની ચેમ્બરની રચના એવી હતી. ડાબે હાથે ડિસ્કશન ટેબલ અને જમણે હાથે સોફાની સીટીંગ એરેન્જમેંટ.

થોડુ ચલાઈ જાય અને ચશ્માનુ કામ થઈ જાય એવી ભાવનાથી એ દિવસે દીપચંદના પિતાજી પૂનમચંદ ઓફિસે આવ્યાં હતાં. પૂનમચંદ સોફા ઉપર બેઠા. પત્રન ક્લાયંટ સાથે ડિસ્કશન ચાલતુ હતું. પેઢીના સિનિયર ઓફિસર આલોકજી પણ ચર્ચામાં સાથે જ હતા. એ દરમિયાન પુનમચંદે ધીમેથી કહ્યું, 'બેટા આજે મારા ચશ્મા લેવાના છે.' ડીપી શેઠે માથુ હલાવી હા પાડી, અને પાછા ક્લાયંટ સાથે ચર્ચામાં લાગી ગયા.

દસેક મિનિટ પછી પુનમચંદે ફરી કહ્યું 'બેટા મારા ચશ્મા લાવવાની વ્યવસ્થા કરવાની છે.' ચર્ચામાં વ્યસ્ત ડીપીએ ક્લાયંટને કહ્યું, 'સોરી, જેન્ટલમેન જસ્ટ અ મોમેન્ટ' ડીપી ઊભા થયા અને વીસેક ડગલાં દૂર સોફા ઉપર બેઠેલાં પુનમચંદ પાસે ગયા અને આંખો ફેરવીને ગુસ્સામાં કહ્યું 'પપ્પા એક વાર કહ્યું ને, મેં સાંભળ્યું ને હા પણ પાડી... પાંચસો વાર એકની એક વાત કેમ કર્યા કરો છો, જરા જુઓ તો ખરા હું લાખ્ખોનું ડીલીંગ પાર્ટી સાથે કરી રહ્યું છું. બહાર મારા પીએ કે કોઈને કહી દોને થઈ જશે. અને ફોન કરી દોને, શુ કામ સમય બગાડો છો...' ક્લાયંટ તો લેપટોપ ઉપર વ્યસ્ત હતા પણ આલોકનાથ આ આખી ઘટના જોતા હતા.

પુનમચંદ ખામોશ થઈ ગયા. ઊઠીને ધીમા પગલે રૂમની બહાર ચાલી ગયા.

ક્લાયંટની ચર્ચા પૂરી થઈ ફળદાયી પરિણામ આવ્યું. ક્લાયંટના ગયા પછી કંપનીના વિશ્વાસુ અને વરિષ્ઠ બુઝુર્ગ અધિકારી આલોકનાથની સાથે હાથ મિલાવી ડીપીએ કહ્યું ''એકે અંકલ જોરદાર સફળતા મળી નહીં ? અભિનંદન'' આલોકનાથે પણ ડીપીને કહ્યું 'અભિંનદન બેટા...' પણ મારે એક વાત તને કરવી છે.'

ડીપી બોલ્યા, 'યસ... અંકલ બોલોને...' આલોકનાથે કહ્યું 'આજથી પચીસેક વર્ષ પહેલાં આ જ ઓફિસમાં તારા પિતાજી પુનમચંદ તારી ખુરશી ઉપર બેસતા અને ધુમ વેપાર કરતા એ વખતનો એક પ્રસંગ યાદ આવી ગયો. ત્યારે હુ એમનો મુનિમ કહેવાતો. તું પાચેક વર્ષનો હોઈશ અને એક દિવસ નર્સરીથી સીધો ઓફિસમાં આવ્યો હતો. પૂનમચંદ શેઠ પાર્ટી સાથે ચર્ચામાં વ્યસ્ત હતા. સામે દેખાતી બારીમાં એક કબુતર બેઠેલું, તેં જોયું અને તું બોલ્યો 'પપ્પા કબુ...' પુનમચંદ શેઠે કામ કરતાં કરતાં ઊંચું જોઈ સ્મીત સાથે તને જવાબ આપ્યો ? 'હા બેટા, કબુ.' આવું તે લગભગ ૧૨થી ૧૫ વાર કહ્યું 'પપ્પા કબુ' અને પુનમચંદ શેઠે સ્મીત સાથે જવાબ આપ્યો. 'હા બેટા કબુ.'

આજે પુનમ શેઠની ઉંમર થઈ છે અને તેમણે માત્ર બે વાર ચશ્માની વાત કરી તે તું ન સહન કરી શક્યો.

આ આખી ઘટનાના હાર્દમાં પારવારિક મૂલ્યોનું 'પંચ' છે. 'પંચ' એટલે એક એવો થડકારો કે જે સતત મન, હૃદય, આત્માના સામંજસ્યને ધબકતું રાખે. જીવનમાં સામુહિકતાના સત્વને સદાય બરકરાર રાખે.

સૌથી પહેલો 'પંચ' પ્રતિદિનના પારિવારિક 'સાથ'નો છે. પરિવારના તમામ સભ્યો રોજ ઓછામાં ઓછો એક કલાક સાથે પસાર કરે. શક્ય છે આ સમય લંચ કે ડીનર ટેબલ ઉપર હોય, કે પછી સવારના પહોરમાં ચા-નાસ્તા વેળા હોય. પણ દિવસમાં થોડો એવો સમય પરિવારના તમામ સભ્યો સાથે ગાળે કે જે આખા દિવસનો 'પ્રાઈમ ટાઈમ' બની જાય. એકબીજાની પ્રવૃત્તિઓ અને કામગીરીની ચર્ચા કરે. સાથે 'વોક' ઉપર જાય કે 'જીમ'માં જાય અને મન ખોલીને વાતચીત કરે.

બીજો મહત્ત્વનો 'પંચ' છે, 'પરિવાર પ્રથમ'ની ભાવના. મન, વચન અને કર્મથી મારો પરિવાર અને એના સભ્યો મારા જીવનમાં સૌથી પહેલાં એવી દૃઢ લાગણી પરિવારના તમામ સભ્યોમાં હોય. દુનિયા આખી મારા પરિવાર પછી આવે. પહેલાં તો મારૂં કુટુંબ જ, એવો ભાવ હંમેશાં પરિવારના તમામ સભ્યો વચ્ચે 'સોલીડ બાઉન્ડ' ઊભું કરે છે. પરિવારના નાના કે મોટા તમામ સભ્યોમાં 'સલામતી'ની ભાવના વધુ બળવત્તર બને છે. આનાથી પરિવારનો પ્રત્યેક સભ્ય 'સેલ્ફ કોન્ફીડન્સ'ની અનેરી તાકાત મેળવતો હોય છે. જેના બળથી જીવન સંગ્રામમાં એક પછી એક વિજય પ્રાપ્ત કરવાનું આસાન લાગે છે. 'કોમ્યુનિકેશન' એ ત્રીજો 'પંચ' છે. પરિવારના તમામ સભ્યો એકબીજાને બધી જ વાત કરે. તેમના વિચારો અને ઈરાદાઓની પરિવારના તમામ સભ્યો સાથે મુક્ત મને ચર્ચા કરે. પરિવારના સભ્યોનો અભિપ્રાય લે. એમના સૂચનોના આધારે આવનારા દિવસોમાં લેવાનારા પગલાં અને નિર્ણયો વધુ પાકટ બને છે. પરિવારના તમામ સભ્યોની વૈયક્તિક સ્વતંત્રતા અને ક્ષમતાનો તમામને ખ્યાલ આવે છે. એકમેક વચ્ચે સમજ અને શક્તિનો સતત અને અવિરત વિસ્તાર થાય છે. પરિવારના 'માઈનોર' સભ્યોના કાને 'મેજર' સભ્યોના વિવાદ ન પડે એની કાળજી સૌથી મહત્ત્વનો 'પંચ' છે. પરિવારના નાના નાના બાળકોની આંખો સામે માતા-પિતાના વૈચારિક મતભેદો કે મોટા ભાઈ-બહેનોની ઉગ્ર ચર્ચા કે ઝગડા ન થાય એ અત્યંત જરૂરી છે. આનાથી બાળ માનસ ઉપર વિપરીત અસર પડશે. આનાથી પારિવારિક એકતા સુરક્ષા અને વિશ્વાસ ઉપર મોટો પ્રહાર થાય છે. જીવન ઘડતરના તબક્કામાં વૈચારિક મતભેદો અને ઉગ્ર ચર્ચાનુ વાતાવરણ બાળકમાં નકારાત્મકતા અને હિંસક લાગણીઓનું બીજારોપણ કરવાનું કામ કરશે. પાંચમો 'પંચ' કોઈપણ મુશ્કેલ સમયમાં પરિવારના 'તમામ સભ્યોની એકતા'નો છે. જ્યારે બાળક દુનિયાની નક્કર વાસ્તવિકતાનો સામનો કરે છે ત્યારે તેના ભાથામાં સૌથી મોટું શસ્ત્ર તેના પરિવારની 'એકતા'નું છે. પરિવારના સભ્યનો સારો સમય હોય કે ખરાબ સમય પારિવારિક સભ્યોની મજબૂત દિવાલ આસપાસ હોય તો વ્યક્તિની સારા સમયની ખુશી બેવડાય છે અને ખરાબ સમય-દુ:ખની ગ્રેવિટી ઘણી ઓછી થઈ જાય છે.

મોબાઈલ, ગેઝેટ, કોમ્પ્યુટર ગેઈમ્સ, મિત્રો સાથેનું આઉટીંગ, વ્યવસાય, ધંધો, નોકરી, વાંચન-લેખ જીવનમાં જરૂરી છે. એનું અગત્ય ઓછું નથી પણ સૌથી પ્રથમ આવશ્યકતા પારિવારિક 'પંચ'ની. પરિવારના પ્રત્યેક સભ્યોની લાગણી-માગણી અને વિચારસરણીની કડીઓ એકમેક સાથે મજબૂતાઈથી જોડાયેલી હોવી જોઈએ. થોડા સમય પહેલા આવેલી સલમાન ખાન અભિનિત એક ફિલ્મમાં જીવનમાં 'કીક'ની મોજની જેમ 'પારિવારિક પંચ' જીવનને મજેદાર અને મજબૂત બનાવે છે.

પરિવારના સભ્યો વચ્ચે એક-મેકને સવાલ પૂછવા અને એના ઉત્તરો પ્રાપ્ત કરવા એ એક મજબૂત પરંપરા છે. પરિવારના નાના કે મોટા કોઈપણ કાર્યનો સ્વીકાર અને પ્રશંસા પરિવારના તમામ સભ્યોને વધુ નજીક લાવે છે. કોઈપણ વિષયમાં તરત અભિપ્રાય આપવાની ઉતવળ યોગ્ય નથી. જ્યારે પરિવારનો એક સભ્ય બોલતો હોય ત્યારે તેની વાત ધ્યાનપૂર્વક સાંભળવાથી તેના ખૂબ હકારાત્મક સંકેત જાય છે.

વય અને વ્યવસાયને કારણે મિત્રો તો જીવન આવતા રહે અને સમય જતાં મિત્રો ઘટતા અને વધતાં રહે પણ પરિવારના પ્રત્યેક સભ્યો જીવનના અંતિમ શ્વાસ સુધી હાથમાં હાથ આપીને ખભે ખભા મિલાવીને ખડકની જેમ અડગ પડખે ઊભા રહે છે.

ધબકાર

સિદ્ધિના શિખરો ઉપર ઊભેલી વ્યકિત, શરૂઆતના સમયમાં પારિવારિક સભ્યોના બળથી જ મજબૂત ડગલાં માંડતી હોય છે.